## હરિની દષ્ટિ...
- હરિન ભટ્ટ



તને યાદ છે ને... ગયા વખતે તે ગુંદર પાક બનાવીને ડબ્બામાં ભર્યો હતો અને એ ડબ્બાને ખોલવા વેલ્ડીંગવાળાને બોલાવવો પડ્યો હતો....!!!

# શપથવિધી સમારોહનો પગલે શહેરમાં ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા





ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર સચિવાલય સ્થિત હેલીપેડ ખાતે સોમવારે બપોરના સમયે શપથવિધી સમારોહ યોજાયો હતો. જેમાં રાજયના મુખ્યમંત્રી તરીકે ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ કેબીનેટ કક્ષાના અને રાજયકક્ષાના મંત્રીઓએ શપથ લીધા હતા. ગાંધીનગર ખાતે આયોજીત શપથ સમારોહમાં રાજયભરમાંથી નવા ચુંટાયેલા ધારાસભ્યોના ટેકેદારો અને કાર્યકરો મોટીસંખ્યામાં ઉમટી પડ્યા હતા. શહેરના સેકટર-૧૧ ખાતે આજે ભાજપના કાર્યકરોએ માથે ટોપી અને ગળે ખેસ પહેરતા કેસરીયો માહોલ સર્જાયો હતો.

જયારે શપથવિધી સમારોહને પગલે શહેરમાં દિવસ દરમિયાન ઠેરઠેર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. તો બીજીતરફ ચ માર્ગ પર ગાડીઓની હારમાળા સર્જાઈ હતી. વીવીઆઈપી મહેમાનોને પગલે શહેર પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવ્યું હતું.

આજે વહેલી સવારથી જ શપથવિધી સમારોહને પગલે અનોખુ વાતાવરણ સર્જાયું હતું. શહેરના માર્ગો પર ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ સહિતના કાર્યકરો સવાર થી જ આવી પહોંચ્યા હતા. શહેરના સેકટર-૧૧ અને સરગાસણ ખાતે કાર્યકરોને જમવા માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી. રાજયના વિવિધ જિલ્લાના ભાજપના આગેવાનો, હોદેદારો, અને કાર્યકરો ગાંધીનગર આવી પહોંચતા માનવ મહેરામણ છલકાયો હતો. શહેરના ચ-૦ રક્ષાશકિત સર્કલ, સરગાસણ, સેકટર-૩૦, ક-૭, ઘ-૦ સહિતના પ્રવેશદ્રાર પર સવાર થી બપોર સુધી ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ હતી. જયારે સેકટર-૧૧ ખાતે પાર્કિંગની વ્યવસ્થા હોવા છતા ચ માર્ગ પર ગાડીઓનો ખડકલો થઈ ગયો હતો.જયારે વિધાનસભાની આસપાસના સેકટરોમાં પણ ગાડીઓ પાર્ક થતા વસાહતીઓ મુશ્કેલી નો સામનો કરવો પડ્યો હતો. શપથવિધી સમારોહમાં વીવીઆઈપી મહેમાનોને પગલે ગાંધીનગરમાં લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. શપથવિધી સમારોહમાં સેકટર-૧૧ માંથી નાગરીકો સચિવાલય સુધી ચાલતા જતા નજરે પડ્યા હતા.

જયારે નવા સચિવાલયમાં અંદર પ્રવેશ માટે પણ ગેટ પર કાર્યકરોનો ભારે જમાવડો જોવા મળ્યો હતો. ગાંધીનગર ખાતે ભાજપના હજ્જારો કાર્યકરો ઉમટી પડતા અનોખો કેસરીયો માહોલ જામ્યો હતો.

## ખૂણેખાંચરેથી

● આજે ગાંધીનગર શહેરના મુખ્ય તમામ માર્ગો પર ટ્રાફિકજામના દશ્યો જોવા મળ્યા હતા.

● સચિવાલય સંકુલને ફરતે ભાજપના ધ્વજ તેમજ મોટી સંખ્યામાં હોર્ડિંગ્સ જોવા મળ્યા હતા.

● ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગો પર આજે સાયરનો ગુંજતી સાંભળવા મળી હતી.

● જિલ્લાના અધિકારીઓને આજે પ્રોટોકોલ ડ્યુટીની જવાબદારીમાં જોતરવામાં આવ્યા હતા.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

● જિલ્લા આરોગ્યતંત્રએ આજે મિઝેલ-રૂબેલ્લાને લઈ આર.બી.એસ.-ઉના આયુષ તબીબી અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં હવામાનમાં સતત ફેરફારો નોંધાઈ રહ્યા હોવાથી વાઈરલ ફિવરના કેસો વધતા જોવા મળી રહ્યા છે.

● જુના સચિવાલયમાં આવેલ મહિલા સુરક્ષા સમિતિની કચેરીમાં સવારના સમયે વીજળી વેરણ થઈ હતી.

● શપથવિધિમાં હાજરી આપવા આવેલા લોકોને લઈ ગાંધીનગરની હોટલ-રેસ્ટોરન્ટમાં સારી એવી ઘરાકી જોવા મળી હતી.

● શૈક્ષણિક સંકુલોની આસપાસના ૧૦૦ મીટર વિસ્તારમાં તમાકુ અને તેના વેચાણોની તપાસ સઘન કરવાની સૂચના અપાઈ છે.

● કલોલમાં ભારત-તિબેટ મૈત્રી સંઘ દ્વારા સંગોષ્ઠીનું આયોજન કરાયુ હતુ.

● ગ્રામીણ વિસ્તારના બિસ્માર બનેલા રસ્તાઓના રિપેરીંગની કામ સત્વરે હાથ ધરવાની ગ્રામજનોની માંગ ઉઠવા પામી છે.

● ગાંધીનગર શહેરની આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં એસ.ટી.ની સેવાઓ નિયમિત બને તેવી ગ્રામ્ય વિસ્તારમાં માંગ ઉઠી છે.

## સેકટર-૩૦ કેન્દ્રીય વિદ્યાલયના ગેટ પાસેથી એકટીવાની ઉઠાંતરી

ગાંધીનગર,તા.૧૨

ગાંધીનગર શહેરના સેકટર-૩૦ કેન્દ્રીય વિદ્યાલયના ગેટની સામેથી એકટીવાની ચોરી થતા ચકચાર મચી જવા પામી છે. એકટીવા ચોરી અંગે યુવતિએ સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૩૦ બ્લોક નં.૬૩૯-૮ બી ટાઈપ ખાતે રહેતો રીષભસિંગ ગત તા.૩ ના રોજ રાત્રીના ૮ વાગે એકટીવા નં. જી.જે.૧૮.ડી.એલ.-૩૬૧૦ લઈને સેકટર-૩૦ કેન્દ્રીય વિદ્યાલયના ગેટની સામે ખુલ્લી જગ્યામાં પાર્ક કરીને સ્કુલના ગ્રાઉન્ડમાં રમવા માટે ગયો હતો. થોડીવાર રમીને યુવક બહાર આવીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર એકટીવા ન હતું. જેથી યુવકે તેના મિત્રો સાથે મળીને આસપાસના વિસ્તારમાં શોધખોળ આદરી હતી.પરંતુ એકટીવા મળી આવ્યું ન હતું. જયારે રૂ.૪૦ હજારના એકટીવા ચોરી અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

# એસવીપીઆઈ એરપોર્ટ પર હવે 'ગ્રીન' કાર વોશની પણ સુવિધા

## ક્લીન કાર્ટ દ્વારા માત્ર ૨૦ મિનિટમાં ઈકોફ્રેન્ડલી કાર વોશની અદ્યતન સુવિધા ઉપલબ્ધ




ગાંધીનગર, તા.૧૨

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કાર વોશ માટે ઈકોફ્રેન્ડલી સર્વિસ શરૂ કરવામાં આવી છે.

સર્વિસ પાર્ટનર ક્લીન કાર્ટ દ્વારા અનોખી રીતે ડિઝાઈન કરાયેલ કાર વોશ સેન્ટર પર તમામ મુસાફરો સહિત પીકઅપ-ડ્રોપીંગ માટે આવતા લોકો પણ આ સુવિધાનો લાભ લઈ શકશે.

આ સુવિધાથી માત્ર ૨૦ મિનિટ ૧.૫ લીટર પાણીથી કાર વોશ કરવામાં આવે છે.

એરપોર્ટ પાર્કિંગમાં પાર્ક કરેલી કારને ક્લીન કાર્ટ વોશ કરવાનું કામ કરશે. એટલે કે, એરપોર્ટ પાર્કિંગમાં કાર પાર્ક કરીને જતા મુસાફરોને ચિંતા કરવાની જરાય જરૂર નથી. જો કે પાર્કિંગમાં મુસાફરો ડેડિકેટેડ કાર વોશ સર્વિસ અલગથી બુક કરાવી શકે છે. પ્રીબુકીંગ બાદ ક્લીન કાર્ટ કાર પાર્કિંગ સ્થાને જઈને ક્લીનીંગ સેવા પૂરી પાડશે.

વળી ડ્રોપ અથવા પીક અપ માટે આવતા મુસાફરો અને સગા-સંબંધીઓ પણ આ સુવિધાનો લાભ લઈ શકશે.

એક દિવસની સફર કરતા મુસાફરો માટે આ વધુ ફાયદાકારક રહેશે કારણ કે પરત ફરતી વેળાએ તેમની કાર બિલકુલ સાફ સુથરી હશે, જોકે આ માટે તેમણે પ્રીબુકીંગ કરાવવાનું રહેશે. એરપોર્ટ પર સગા-વહાલાને મળવા આવતા કે પીકઅપ-ડ્રોપીંગ માટે આવતા સંબંધીઓ તેમના વધારાના સમયમાં આ સેવાનો લાભ ઉઠાવી શકે છે. કાર ધોવાની પ્રક્રિયા ઈકોફ્રેન્ડલી રીતે કરવામાં આવે છે. કારની સફાઈ લગભગ ૨૦ મિનિટમાં પૂર્ણ થઈ જાય છે.

Clean Cart કાર વોશ માટે લગભગ ૧.૫-લિટર પાણી સાથે બાયો-ડિગ્રેડેબલ ક્લિનિંગ ફોર્મ્યુલાનો ઉપયોગ કરે છે. પોર્ટેબલ ક્લીનકાર્ટમાં ૪૦-લિટરની ટાંકી હોય છે જેમાંથી એક ફિલિંગમાં ૨૫ કાર વોશ કરી શકાય છે. ગ્રાહકો માટે સૌથી અગત્યની અને ફાયદાકારક બાબત એ છે કે, ક્લીનકાર્ટ વાહન પાર્કીંગના સ્થાને જ ઉભુ કરવામાં આવ્યું છે. તેનો સ્ટાફ કાર પરથી કચરો ધોઈને સાફ-સફાઈ કરી આપે છે.

## આજે રાંદેસણમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૧૨

મા મેલડી આનંદ ગરબા મંડળ સે-૩/સીના મધુબેન કે.કડીકરના કંઠે આનંદનો ગરબો નીતાબેન બી.પટેલના નિવાસસ્થાન બી-૪૦૪, રાંદેસણ ખાતે તા.૧૩મીએ બપોરે ૨ થી ૫ કલાકે યોજાનાર આનંદના ગરબામાં સૌ માતા ભક્તોને પધારવા ભાવભર્યુ આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સેકટરોના એપ્રોચ નજીક રહેણાંક વિસ્તારને અડીને જ લારી ગલ્લા અને ઝુંપડાના દબાણોની ભરમાર

ગાંધીનગર તા ૧૨

સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા નગરમાં ઠેર ઠેર દબાણોનુ પ્રમાણ વધી રહ્યુ છે. શહેરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારમાં પણ તુટેલી ફેન્સીંગના લીધે ઠેર ઠેર દબાણોનો અડ્ડો જોવા મળે છે. જયારે સેકટરોના એપ્રોચ આસપાસ રહેણાંકને અડીને સ્થિત ખાલી જગ્યામાં પણ ઝુંપડાના દબાણની કતાર જોવા મળે છે. સેકટરોમાં કમ્પાઉન્ડ વોલની આડશમાં પણ દબાણો વધી ગયા છે. સેકટરમાં દબાણની સમસ્યા જટીલ બની છે. રહેણાંકને અડીને જ દબાણો વધતા સ્થાનિક રહીશો પણ અનેક પ્રકારની અડચણો અને દુવિધાઓ અનુભવી રહ્યા છે.

શહેરના મુખ્યમાર્ગોની આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારમાં એકબાજુ ફેન્સીંગ તુટેલી અને કંગાળ હાલતમાં જોવા મળે છે. વન આરક્ષિત વિસ્તારની સફાઈના અભાવે આમ પણ આ જગ્યામાં ગંદકીનુ પ્રમાણ વધ્યુ છે. જયારે રખડતા ઢોરનો પણ અડ્ડો બન્યો છે. વનતંત્ર દ્વારા સેકટરોમાં લાંબા સમયથી વૃક્ષોનુ ટ્રીમીંગ પણ કરાયુ નથી જેના લીધે સેકટરવાસીઓને વૃક્ષોના તોતિંગ ડાળાઓ પણ અવરોધરૂપ બની રહ્યા છે. જયારે વન આરક્ષિત વિસ્તારમાં તુટેલી ફેન્સીંગના લીધે વન વિસ્તાર ખુલ્લો થઈ ગયો છે. જેના લીધે દબાણ કર્તાઓ આ વિસ્તારમાં સરળતાથી પ્રવેશે છે. શહેરના સેકટરોમાં મુખ્યમાર્ગો તેમજ સેકટરોના રીંગ રોડ આસપાસ સ્થિત વિસ્તારમાં પણ ઝુંપડાના દબાણો વધી ગયા છે. એકબાજુ સેકટરોમાં ફરતે કમ્પાઉન્ડ વોલ બાંધવામાં આવી છે. જયારે હવે આ કમ્પાઉન્ડ વોલના આડશમાં પણ દબાણો પાંગરી રહ્યા છે. સેકટરોની કમ્પાઉન્ડ વોલને અડીને જ દબાણોની કતાર જોવા મળે છે. શહેરના મુખ્ય માર્ગો આસપાસ સ્થિત વન વિસ્તારની જગ્યામાં ઝુંપડાના દબાણોની સાથે લારી ગલ્લા પણ ધમધમતા જોવા મળી રહ્યા છે. જયારે સેકટરોમાં પણ રીંગ રોડની આજુબાજુ રહેણાંકને અડીને સ્થિત ખુલ્લી જગ્યા છેલ્લા ઘણાં સમયથી દબાણોની ગિરફતમાં છે. વધતા દબાણોના લીધે સેકટરવાસીઓ માટે પણ અનેક સમસ્યાઓ ઉદભવી છે. સેકટરવાસીઓ પણ પરેશાન છે. ઉભા આડા મુખ્યમાર્ગો સહીત સેકટરોના રીંગ રોડ આસપાસ દબાણો વધી રહ્યા છે. ત્યારે આ મામલે દબાણો દુર કરવા કે અટકાવવા માટે પણ લાંબા સમયથી કોઈ આયોજન કરવામાં આવતુ નથી. વન આરક્ષિત વિસ્તારમાં દબાણો ન થાય તેમજ હરિયાળીને નુકશાન ન પહોંચે તે માટે અગાઉ નવી ફેન્સીંગ કરવા માટે પણ આયોજન કરાયુ હતુ જો કે હજુ સુધી તુટેલી ફેન્સીંગના સ્થાને નવી ફેન્સીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ નથી. જયારે સેકટરોમાં આંતરિક વિસ્તારમાં પણ વધતા દબાણોના લીધે નવી સમસ્યા ઉભી થઈ રહી છે.

## ચિલોડા ગ્રામપંચાયત ખાતે કિસાન યોજના અંતર્ગત કેવાયસી અંગેની કામગીરી હાથ ધરાઈ



ગાંધીનગર,તા.૧૨

ડિસેમ્બરનારોજ ચિલોડા ગ્રામપંચાયત કચેરીએ સરકારી યોજના અન્વયે પ્રધાનમંત્રી માનધન કિસાનયોજના અંતર્ગત ખેડૂતોને ચાર હપ્તા પ્રમાણે કુલ છ હજારની સહાય રૂપે ખાતા માં જમા થાય છે તેમાં દરેક ખેડૂત લાભાર્થીઓ ને પોતાનું આધાર કાર્ડ અને મોબાઈલ દ્વારા કેવાયસી કરાવવું ફરજિયાત છે તે અંગે કેમ્પમાં લાભાર્થીઓ ને ફોન દ્વારા જાણ કરી રૂબરૂ બોલાવી કામગીરી કરવામાં આવી આ કેમ્પમાં ગ્રામ્સેવક પરેશભાઈ અને પેરાલીગલ વોલન્ટીયર નટુભાઈ પટેલ યાદી પ્રમાણે લાભાર્થીઓ ને બોલાવી કામ સંપન્ન કરવામાં આવ્યું

## ભારતી ફાઉન્ડેશન તરફથી કલોલ પ્રાથમિક શાળામાં સ્વેટરનું વિતરણ



ગાંધીનગર,તા.૧૨

ગાંધીનગર જિલ્લાની કલોલ તાલુકાની ગણપતપુરા પ્રાથમિક શાળાના તમામ બાળકોને ભારતી ફાઉન્ડેશન અને ઈન્ટેક ક્રિએટિવ સર્વિસ પ્રાઈવેટ લિમિટેડ તરફથી પ્રાથમિક શાળાના તમામ બાળકોને સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું તે બદલ શાળા પરિવાર તેમનો આભાર માન્યો હતો.

# રીસામણે બેઠેલી પત્નીને તેડવા આવેલા પરિવાર પર હુમલો : સામસામે ફરીયાદ

## પોતાની દિકરીને લઈ જતા પિતાને રોકતા પત્ની અને સસરાને પણ માથામાં ખુરશી મારી, જયારે બહેનના સસરાને ભાઈએ કાંડા પર ચપ્પુ મારતા ઈજાગ્રસ્ત

ગાંધીનગર, તા.૧૨

શહેરના સેકટર-૭ ખાતે રીસામણે બેઠેલી પત્નીને સમાધાન કરી લેવા આવેલા પતિ અને તેના પરિવારજનો પર સાસરીપક્ષના સભ્યોએ ગાળાગાળી કરી છુટાહાથની મારામારી કરી હતી. જયારે ફરીયાદીને કાંડા પાસે ચપ્પુ મારી જાનથી મારી નાંખવાની ધમકી આપતા દિકરાના સાસરીપક્ષના ચાર સભ્યો સામે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ ચાંદખેડા રહેતા પુનમચંદ સુંદરભાઈ ચૌહાણ પરિવાર સાથે રહે છે. તેઓને સંતાનમાં દિકરો અને દિકરી છે. જેમાં દિકરી સાસરીમાં રહે છે.જયારે દિકરા હાર્દિકના લગ્ન સમાજના રીત-રિવાજ મુજબ સેકટર-૭ બી ખાતે રહેતી જાગૃતિ સાથે થયા હતા. હાર્દિક અને જાગૃતિના લગ્નજીવન દરમિયાન તેઓને સંતાનમાં દિત્યા નામની દિકરી છે. જયારે પતિ-પત્ની વચ્ચે મનમેળ ન આવતા જાગૃતિ પિયર ગાંધીનગર ખાતે રહે છે. ત્યારે રીસામણે બેસેલી પુત્રવધુને તેડવા અને સમાધાન માટે રવિવારના રોજ સાંજના સમયે સસરા પૂનમચંદ ચૌહાણ, તેમના મોટાભાઈ મહેન્દ્રભાઈ, નાનાભાઈ સુરેશ અને હાર્દિક ગયા હતા. તે સમયે ઘરે ફરીયાદીની પુત્રવધુ જાગૃતિ તેના પિતા દિનેશભાઈ પરમાર, ચિરાગ પરમાર અને સાસુ રંજનબેન હાજર હતા. વડીલો વચ્ચે વાતચીત ચાલી રહી હતી તે દરમિયાન અચાનક પુત્રવધુ જાગૃતિએ હાર્દિકને લાફો ઝીંકી દીધો હતો. જેથી તેનુ ઉપરાણુ લઈ દિકરાના સસરા અને સાળા અને સાસુ ગાળાગાળી કરી રહ્યા હતા. તે સમયે ચિરાગે બાજુમાંથી ચપ્પુ લઈ પૂનમચંદને ડાબા હાથે કાંડા પાસે મારતા ઈજા પહોંચતા છુટાહાથની મારામારી થઈ હતી. જયારે હોહા થતા આસપાસના રહીશો એકઠા થઈ ગયા હતા. જયારે દિકરાના સાસરી પક્ષના સભ્યોએ જતા જતા બીજાવાર તેડવા આવશો તો તમોને જાનથી મારી નાંખશું તેવી ધમકી આપતા પૂનમચંદ ચૌહાણે પુત્રવધુ તેના માતા-પિતા અને ભાઈ સામે ફરીયાદ નોંધાવી છે. જયારે સામે પક્ષે રંજનબેન દિનેશભાઈ પરમારે નોંધાવેલી ફરીયાદ મુજબ તેમની દિકરીના સાસરીપક્ષના સભ્યો તેડવા અને સમાધાન માટે આવતા હોવાથી પરિવારના સભ્યો ઘરે હતા. તે સમયે જાગૃતિના પતિ, સસરા, કાકાજી સસરાએ જણાવ્યું હતું કે જાગૃતિને રાખવી હોય તો રાખો. પરંતુ દિવ્યાને અમારી સાથે મોકલો. જયારે હાર્દિક દિકરીને લઈ જતા મામલો બીચક્યો હતો અને બોલાચાલી થતા ઉશ્કેરાઈને હાર્દિકે તેની પત્ની જાગૃતિને મોંઢાના ભાગે મુક્કા માર્યા હતા. જયારે હાર્દિકે ગાળાગાળી કરી તેના સસરાને પણ ખુરશી કપાળના ભાગે મારતા ઈજા પહોંચતા લોહી નીકળતુ હતું. જયારે ફરીયાદીએ હોહા કરતા તેણીનો દિકરો આવતા આ વ્યકિતઓ જતા રહ્યા હતા. જયારે જાગૃતિના સાસરીમાંથી આવેલા અન્ય સભ્યો ગાળાગાળી કરતા આસપાસમાંથી રહીશો એકઠા થઈ જતા આ તમામ સભ્યો નાસી ગયા હતા. જયારે જતા જતા પોલીસ કેસ કરશો તો જાનથી મારી નાંખવાની ધમકી આપતા રંજનબેને દિકરીના સાસરીપક્ષના સાત સભ્યો સામે પોલીસ ફરીયાદ નોંધાવી છે.

# કર્ણાવતી યુનિ.ના પ્રોફેસર ડૉ. રોહન ભટ્ટને સ્ટાર પીડિયાટ્રિક ડેન્ટિસ્ટનો પુરસ્કાર પ્રાપ્ત

## તેનો પુરસ્કાર સમારંભ હાલમાં જ ભોપાલમાં યોજાયેલી ૪૨મી નેશનલ પીડિયાટ્રિક ડેન્ટિસ્ટ્રી કોન્ફરન્સ દરમિયાન યોજાયો હતો

ગાંધીનગર,તા.૧૨

અમદાવાદ, ૧૦ ડિસેમ્બર, ૨૦૨૨: કર્ણાવતી યુનિવર્સિટીને સન્માનનો વધુ એક ઈલકાબ પ્રાપ્ત થયો છે, કારણ કે, કર્ણાવતી સ્કુલ ઑફ ડેન્ટિસ્ટ્રી (કેએસડી)ના ડિરેક્ટર ડૉ. રોહન ભટ્ટ ઈન્ડિયન સોસાયટી ઑફ પીડિયાટ્રિક એન્ડ પ્રીવેન્ટિવ ડેન્ટિસ્ટ્રી (ISPPD) તરફથી સ્ટાર પીડિયાટ્રિક એવોર્ડ પ્રાપ્ત કરનારા ભારતના સૌથી યુવાન અને ગુજરાતના સર્વપ્રથમ ડેન્ટિસ્ટ બની ગયાં છે. તેનો પુરસ્કાર સમારંભ હાલમાં જ ભોપાલમાં યોજાયેલી ૪૨મી નેશનલ પીડિયાટ્રિક ડેન્ટિસ્ટ્રી કૉન્ફરન્સ દરમિયાન યોજાયો હતો.




ડૉ. રોહન ભટ્ટને ISPPDના માનનીય અધ્યક્ષ ડૉ. રાધિકા મુપ્પા અને ISPPDના માનનીય જનરલ સેક્રેટરી ડૉ. નિખિલ શ્રીવાસ્તવના હસ્તે આ પુરસ્કાર પ્રાપ્ત કર્યો હતો. આ પુરસ્કાર સમારંભમાં ભારત, નેપાળ અને અન્ય પડોશી દેશોના ઓછામાં ઓછા ૧,૩૦૦ જેટલા પીડિયાટ્રિક ડેન્ટિસ્ટોએ હાજરી આપી હતી.

કર્ણાવતી યુનિવર્સિટીમાં સેવા આપવા ઉપરાંત, ડૉ. રોહન ભટ્ટ ઓછામાં ઓછા એક દાયકાથી અમદાવાદમાં બાળકો અને કિશોરો માટે તેમની પોતાની સફળ પ્રેક્ટિસ પણ કરે છે. આ પુરસ્કાર મારફતે દંતચિકિત્સાના શિક્ષણ અને સંશોધનને સુધારવા અને ઓરો-ડેન્ટલ હેલ્થકૅર પૂરાં પાડવા તેમના દ્વારા આપવામાં આવેલી ઉત્કૃષ્ટ સેવાઓની સાથે વહીવટી કુશળતા દાખવવાના તેમના પ્રયાસોને પણ સન્માનિત કરવામાં આવ્યાં હતા. ઉલ્લેખનીય છે કે, પીડિયાટ્રિક ડેન્ટિસ્ટ્રીના ક્ષેત્રમાં આ સર્વોચ્ચ સન્માન છે.